| | |
|---|---|
| | દાખલ તારીખ: ૦૯/૧૦/૨૦૨૩ |
| | રજીસ્ટર તારીખ : ૦૯/૧૦/૨૦૨૩ |
| | ફેસલ તારીખ : ૧૮/૦૩/૨૦૨૬ |
| | સમયગાળો : વર્ષ : ૦૨, મહિના: ૦૫, દિવસ: ૦૯ |

सत्यमेव जयते

## *નર્મદાના મહે. સેકન્ડ એડી. ચીફ જ્યુડીશીયલ મજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ, મુ–રાજપીપળા*

*ફોજદારી કેસ નં. ૩૩૦૭/૨૦૨૩*

**આંક:–**

**ફરીયાદી: –** **શ્રી સ ર કા ર**

**:– વિરૂધ્ધ –:**

**આરોપી :–** **દિનેશભાઈ રેવલાભાઈ ચોંગટ ( ભીલાલા )**
રહે. સુમનીવાડ, તા.કઠીવાડા, જી.અલીરાજપુર (મધ્યપ્રદેશ)

**ગુન્હો:**– ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯, ૧૧૪ મુજબ.

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.જી.રાવ
આરોપીઓ તરફે વિ.વ.શ્રી કોઈ નહિ.

// **ચુ કા દો** //

(૧) *ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,*

તા.૧૭.૨.૨૦૨૧ ના રોજ કલાક ૨૪.૦૦ થી તા.૧૮.૨.૨૦૨૧ ના કલાક ૬.૦૦ સુધીના સમયગાળા દરમ્યાન ફરીયાદીની મો.સા. નં. જીજે.૨૨.એફ.૦૩૨૦ કિં.રૂ. ૨૦,૦૦૦/– તથા મો.સા. નં. જીજે.૨૨.ડી.૦૪૫૩ કિં.રૂ. ૧૫૦૦૦/– ની બંને મો.સા. ફરીયાદીના ઘરના આંગણે મોજે ગોપાલપુરા, તા.નાંદોદ, જી.નર્મદા ખાતેથી ચાર્જશીટના

કોલમ નં. ૧ અને ર માં જણાવેલ આરોપીઓએ ચોરી કરી લઈ કોલમ નં. ર માં જણાવેલ આરોપી નં. ૧નાનો મો.સા. નં. જીજે.રર.એફ.૦૩ર૦ સાથે પકડાઈ જઈ તથા મો.સા. જીજે.રર.ડી.૦૪૫૩ નહી મળી આવી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી, ગુનો કરતા રાજપીપલા પો.સ્ટે.માં ગુના રજી. નં. ફર્સ્ટ ૧૧૮ર૩૦૧૭ર૧૦૧૪૧/ર૦ર૧ થી ભારતીય દંડ સાંહિતાની કલમ–૩૭૯, ૧૧૪ મુજબ ગુનો નોંધાતા, તપાસ કરનાર અમલદારે પુરતી તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ પુરતા પુરાવા જણાતા નામ. અદાલતમાં પુરવણી ચાર્જશીટ દાખલ કરતા તેને ઉપરોકત નંબરથી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ.

**(૨)** સદર કામે આરોપી સામે વારંવાર સમન્સ વોરંટ ઈસ્યુ કરવામાં આવતા અને સમન્સ વોરંટની બજવણી નહી થતા અને આરોપી નામ.કોર્ટ સમક્ષ હાજર ન રહેતા કેસ જુનો હોય પ્રોસેસની બજવણી થતી ન હોય આ કામે આંક–૧ લગત હુકમ કરી ક્રિ.પ્રો.કોડની કલમ–ર૯૯ મુજબ આરોપીઓની ગેરહાજરીમાં હાલના કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસની હકકીતના સમર્થનમાં નીચે મુજબ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

**::––મૌખિક પુરાવા––::**

| **અનુ.નં.** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| (૧) | ૬ | ફરીયાદી રાજુભાઈ બકોરભાઈની જુબાની |
| (ર) | ૮ | ત.ક.અમલદાર મેલાભાઈ બચુભાઈની જુબાની |

**::––દસ્તાવેજી પુરાવા––::**

| **અનું.નં.** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| ૧) | ૭ | અસલ ફરીયાદ |
| ર) | ૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૩) | ૧૦ | મુદ્દામાલ રીકવરી પંચનામુ |
| ૪) | ૧૧ | આરોપીનુ અટક પંચનામુ |

(૪) ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માં ગતાં ન હોવા અંગેની કલોઝિંગ પુરસીસ આંક–૧૨ થી રજુ કરેલ છે. ત્યારબાદ સદર કેસ દલીલ સાંભળવા માટે રાખવામા આવેલ.ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરીયાદની વિગત જેવી વિગત જણાવી તેવી હકિકતો ફરીયાદ પક્ષે પુરતો પુરાવો રજુ કરી પુરવાર કરેલ છે તેમ જણાવી આરોપીને કાયદા મુજબ સજા ફરમાવવા જણાવેલ છે.

(૫) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષના કેસની હકીકતો, રજુ કરેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ,કાયદાકીય જોગવાઈઓ વિગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા.

**::–મુદ્દા–::**

*૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૭.૨.૨૦૨૧ ના રોજ કલાક ૨૪.૦૦ થી તા.૧૮.૨.૨૦૨૧ ના કલાક ૬.૦૦ સુધીના સમયગાળા દરમ્યાન ફરીયાદીની મો.સા. નં. જીજે.૨૨.એફ.૦૩૨૦ કિં.રૂ. ૨૦,૦૦૦/– તથા મો.સા. નં. જીજે.૨૨.ડી.૦૪૫૩ કિં.રૂ. ૧૫૦૦૦/– ની બંને મો.સા. ફરીયાદીના ઘરના આં ગણે મોજે ગોપાલપુરા, તા.નાંદોદ, જી.નર્મદા ખાતેથી ચાર્જશીટના કોલમ નં. ૧ અને ૨ માં જણાવેલ આરોપીઓએ ચોરી કરી લઈ કોલમ નં. ૨ માં જણાવેલ આરોપી નં. ૧ નાનો મો.સા. નં. જીજે.૨૨.એફ.૦૩૨૦ સાથે પકડાઈ જઈ તથા મો.સા. જીજે.૨૨.ડી.૦૪૫૩ નહી મળી આવી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી, ભારતીય દંડ સાંહિતાની કલમ–૩૭૯, ૧૧૪ મુજબનો ગુન્હો કરેલ છે ?*

***૨. શું હુકમ ?***

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧: **નકારમાં**

મુદ્દા નં.૨ : **આખરી હુકમ મુજબ**.

**::નિર્ણયના કારણો::**

**મુદ્દા નંબર ૧ અને ૨ અંગે:–**

(૮) આ કામે બન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતો

નું પુનરાવર્તન ન થાય તે હેતુથી બન્ને મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવી છે.

**(૯)** સદર કામે ફરિયાદપક્ષને સમર્થન અપાવવા માટે આંક–૬ થી ફરીયાદી રાજુભાઈ બકોરભાઈ વલ્વીને તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તેમના નામની માલિકીની મો.સા. રજી. નં. જીજે.૨૨.એફ. ૦૩૩૦ તથા જીજે.૨૨.બી.૦૪૫૩ ની હતી જેમા આશરે પાંચ વર્ષ અગાઉ તેમના ઘરે લોક કરી પાર્ક કરી હતી અને રાતના સમયે ઘરમા સુઈ ગયેલા હતા અને બીજા દિવસે સવારે જોતા પાર્ક કરેલ મો.સા. જોવામા આવેલ નહી. આજુબાજુ પુછપરછ કરતા જાણવા મળેલ નહિ. જેથી તેમણે તેમની મોટરસાયકલ અજાણ્યા ઈસમ ચોરી કરી લઈ ગયેલ હોય તે બાબતે ફરીયાદ આપેલ. જે ફરીયાદ આંક.૭ થી રજુ છે.

સદર કામ સી.આર.પી.સી. કલમ ૨૯૯ મુજબ આરોપીઓની ગેરહાજરીમા ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે.

**(૧૦)** ત્યારબાદ આંક–૮ થી ત.ક.અમલદાર મેલાભાઈ બચુભાઈને તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, સદર ગુનાની તપાસ તેમને મળતા તેઓએ અગાઉના આઈઓ એ ગુનાવાળી જગ્યાએ બે પંચોની હાજરીમા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ . તેમને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવતા તેમા પી.એસ.આઈ. આઈ.આર.દેસાઈની સહી ઓળખી બતાવતા તે આંક.૯ થી રજુ થયેલ છે. તેમને મુદ્દામાલ રીકવરી પંચનામુ બતાવવામા તેમા પી.એસ.આઈ. આઈ.આર.દેસાઈની સહી ઓળખી બતાવતા તે આંક.૧૦ થી રજુ થયેલ છે. ત્યારબાદ તેમણે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને બે પંચો રૂબરૂ આરોપીનુ અટક પં ચનામુ કરેલ જે આંક.૧૧ થી રજુ છે. ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની કોર્ટમા ચાર્જશીટ કરેલ. આરોપીની ઘણી શોધખોળ કરવા છતા મળી આવેલ નથી ભવિષ્યમા મળી આવે તેવી કોઈ શકયતા નથી.

સદર કામ સી.આર.પી.સી. કલમ ૨૯૯ મુજબ આરોપીઓની ગેરહાજરીમા ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે.

**(૧૧)..** આમ સદર કામે રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદીને આંક–૬ થી તપાસવામા આવેલ છે અને તેઓની

જુબાની ધ્યાને લેતા તેમના નામની માલિકીની મો.સા. રજી. નં. જીજે.૨૨.એફ. ૦૩૩૦ તથા જીજે.૨૨.બી.૦૪૫૩ ની હતી જેમા આશરે પાંચ વર્ષ અગાઉ તેમના ઘરે લોક કરી પાર્ક કરી હતી અને રાતના સમયે ઘરમા સુઈ ગયેલા હતા અને બીજા દિવસે સવારે જોતા પાર્ક કરેલ મો.સા. જોવામા આવેલ નહી. આજુબાજુ પુછપરછ કરતા જાણવા મળેલ નહિ. જેથી તેમણે તેમની મોટરસાયકલ અજાણ્યા ઈસમ ચોરી કરી લઈ ગયેલ હોય તે બાબતે ફરીયાદ આપેલ. આમ, ફરીયાદીની જુબાની ધ્યાને લેતા તેમની મોટરસાયકલ ચોરી થયેલ હોવાનુ જણાઈ આવે છે પરંતુ તે મોટરસાયકલની ચોરી આ કામના આરોપીએ જ કરેલ હતી કે કેમ તે હકીકત સ્પષ્ટ થઈ શકતી નથી. વધુમા રેકર્ડ પર રજુ પુરાવા મુજબ મોટરસાયકલ નં. જીજે.૨૨.એફ.૦૩૨૦ એ અગાઉ પકડાયેલ આરોપી સચીન ઉર્ફે નિહાલસીંગ ગુગળીયાભાઈ ભીલાલા પાસેથી કબજે કરવામા આવેલ છે આ આરોપી પાસેથી કબજે કરવામા આવેલ નથી. આમ, જયારે ચોરી થયેલ મુદ્દામાલ હાલના આરોપી પાસેથી રીકવર કરવામા આવેલ ન હોય ફરીયાદમા જણાવેલ મુદ્દામાલની ચોરી આ કામના આરોપીએ જ ચોરી કરેલ હતી કે કેમ ? તે હકીકત સ્પષ્ટ થઈ શકતી નથી. આમ, ઉપરોકત રજૂ થયેલ તમામ પુરાવાઓનાં મુલ્યાંકનના અંતે બનાવમાં માત્ર ચોરી થયેલાની જ હકીકત બહાર આવે છે તેનાથી વિશેષ આરોપીઓ વિરુધ્ધ ગુનાની કોઈ હકીકત ફલીત થતી નથી. આમ, આ કામના આરોપીએ ફરીયાદમા કહેવાતી ચોરી કરેલ હોય તે હકીકત સાબિત કરતો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ કરવામાં આવેલ નથી કે રેકર્ડ પરના પુરાવાથી તે હકીકત સાબિત થઈ શકતી નથી. ટૂંકમાં, બનાવ વખતે આવુ કૃત્ય કરનાર તે હાલના આરોપી જ હતા, તેવું બતાવવા ફરીયાદપક્ષ તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી અને તેવા પુરાવાના અભાવે આરોપીએ જ આવુ કોઈ કૃત્ય કરેલ હોય તેવુ માની લઈ શકાય નહી. આ ઉપરાંત, આ કામે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓને રજુ મૌખિક પુરાવાથી સમર્થન મળતું નથી. રજુ પુરાવાથી આ કામના આરોપી એ જ ચોરી કરી, ગુનો કરેલ હોવાનું શંકાથી પણ પુરવાર થતું નથી, ત્યારે માત્ર આ દસ્તાવેજી પુરાવા પર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળી શકાય નહીં. તેવા સંજોગોમાં આ કામના આરોપીએ જ ચોરી કરેલ હોય તેવો સચોટ પુરાવો તેમની જુબાની થકી રેકર્ડ પર આવતો ન હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ ઉપરોકત કલમોમાં જણાવેલ આક્ષેપીત તત્વો પુરવાર કરવામા સદંતર નિષ્ફળ ગયેલ છે. તેવા સંજોગોમાં આ કામના આરોપીએ મુદા

નં.૧ માં દર્શાવેલ મુજબ આક્ષેપીત અપરાધ કરેલાનું નિ:શંકપણે પુરવાર થતું નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં–૧ નો નિર્ણય ''નકારમાં'' આપવામાં આવે છે, તેમજ ફરીયાદપક્ષના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાર ઠરાવી શકાય તેમ જણાતું નથી તથા જયારે આરોપી વિરુધ્ધ સજા થઈ શકે તેવો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીની ગેરહાજરીમાં સી.આર.પી.સી. ની કલમ ૩૫૩(૬) મુજબ ચુકાદો જાહેર કરવાનું ન્યાયોચિત જણાતું હોય મુદ્દા નંબર ૨ માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: *આખરી હુકમ* ::–

(૧) આ કામના આરોપી નં. **દિનેશભાઈ રેવલાભાઈ ચૌંગટ ( ભીલાલા )**નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કોડની કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનાના તહોમત સબબ આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમય ગાળા માટે આરોપીઓના અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર ગુનાના કામે રીતેશ નસરીયા ભીલાલા એ નાસતા ફરતા આરોપી હોય મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ અંગે હાલ પુરતો કોઈ હુકમ કરવામા આવતો નથી.

આ હુકમ આજરોજ તારીખ ૧૮ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૧૮/૦૩/ ૨૦૨૬
સ્થળ : રાજપીપળા

(ફૈયાઝ અમાનુલ્લાખાન સિંધી)
સેકન્ડ એડી. ચીફ જ્યુડી. મેજી.,
રાજપીપલા, જી.નર્મદા
કોડ નં. જીજે૦૧૧૫૧